# બ્રીજસેલ

## <u>૨૦૧૬–૧૭</u>

| અપીલ નંબર/ વર્ષ | માહિતીની વિગત | અપીલ હુકમ નં. અને તારીખ |
|---|---|---|
| ૧<br>૨૦૧૬–૧૭ | અરજદાર શ્રી મહેતા અમિત ધીરજભાઈની આઈ.ડી.નં.૧૯૦૨, તા.૧૩/૧૨/૧૬ની અપીલ અરજી | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૧૬ તા.૨૮/૦૨/૧૭ |
| ૨<br>૨૦૧૬–૧૭ | અરજદાર શ્રી ગડરીયા હરીશચંદ્ર ફકીરચંદ્ર ની આઈ.ડી.નં.૧૪૮ તા.૧૮/૪/૧૬ની અપીલ અરજી | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./ ૦૨ તા.૧૬/૬/૧૬ |
| ૩<br>૨૦૧૬–૧૭ | અરજદાર શ્રી હુંબલ દિનેશ એ.ની આઈ.ડી.નં.૨૯૮ તા.૦૬/૦૬/૧૬ની અપીલ અરજી | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૦૩ તા.૧૬/૬/૧૬ |
| ૫<br>૨૦૧૬–૧૭ | અરજદાર શ્રી ધામેલીયા રાધીકાકુમાર જે.ની આઈ.ડી.નં.૪૪૭, તા.૧૮/૦૭/૨૦૧૬ ની અપીલ | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./ ૦૫ તા.૩૧/૮/૧૬ |
| ૬<br>૨૦૧૬–૧૭ | અરજદાર શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની આઈ.ડી.નં.૬૧૨ તા.૧૦/૦૨/૧૬ની અપીલ અરજી | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./ ૦૪ તા.૨૮/૬/૧૬ |

**૨૦૧૬–૧૭**
**હુકમ નં.૧**

અરજદારની આઈ.ડી.નં.૧૯૦૨, તા.૧૩/૧૨/૧૬ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–

અપીલ અરજી નં. SMC/BRIDGE CELL/FAP/IN.No.07/2016-17.

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૧૭/૦૧/૨૦૧૭ ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાનેતા.૦૧/૦૨/૧૭ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની આઈ.ડી.નં. ૧૯૦૨, તા.૧૩/૧૨/૧૬ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૧૫/૧૨/૧૬ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**
અરજદાર ધ્વારા નવી કોર્ટ બિલ્ડીંગ જંકશન નજીક ફલાય ઓવર બ્રીજ સંદર્ભે મુદ્દા નં.૧ થી ૧૫ ની માહિતી.........

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એ.જે.સોલંકી ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ./ ૭૩, તા.૧૦/૦૧/૨૦૧૭ થી ખાતાના ઉપલબ્ધ દફતરી રેકર્ડ મુજબ અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ.

**૪. અપીલના મુદ્દાઓ :–**

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં આપેલ પુર્તતામાં બેદરકારી / ઈરાદાપુર્વક માહિતી અવરોધ પેદા કરેલ હોવાનું જણાવી, નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પોતાના પક્ષ તા.૨૧/૦૨/૧૭ ના રોજ રજુ કરતાં જણાવેલ કે, અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ નિર્ધારીત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. એમ પુર્તતા કરવામાં આવેલ હતી. જયારે અરજદાર તા.૨૧/૨/૧૭ ના રોજ કોઈ પણ જાતની લેખિત કે મૌખિક જાણ કર્યા વિનાં ગેરહાજર રહેલ હતા. જેથી તેઓને માહિતીની સ્પષ્ટતા કરવામાં રસ નથી. એમ માની શકાય.

**૬. રીમાકર્સ :–**

આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ મુજબ આર.ટી.આઈ.અકેટની અરજીની પુર્તતાનાં ૩૦ દિવસમાં પ્રથમ અપીલ અરજી કરવાની હોય છે. અરજદાર ધ્વારા તેઓની પ્રથમ અરજીનાં અનુસંધાનમાં માહિતીની પુર્તતા સારૂ મુદ્દા નં.૧ થી ૧૫ પૈકી મુદ્દા નં. ૭ થી ૧૧,૧૩ અને ૧૫ માટેનાં દસ્તાવેજો માટે રૂા.૧૨૨/– જમા કરાવવા જણાવવામાં આવેલ. અને બાકીનાં મુદ્દાઓની ખાતાનાં ઉપલબ્ધ રેકર્ડ અનુસાર પુર્તતા કરવામાં આવેલ હતી. પરંતુ અરજદાર ધ્વારા તા.૧૮/૧/૧૭ ના રોજ રૂા.૧૨૨/– ની જગ્યાએ માત્ર રૂા.૨૨/– ભરેલ હતા. જેથી તેઓને તે અનુસાર અત્રેના ખાતામાંથી તા.૩૧/૧/૧૭ ના રોજ રૂા.૨૨/– મુજબ આંશિક દસ્તાવેજો જ પુરા પાડવામાં આવેલ હતા.જે અત્રેથી અરજદારને મુદ્દાસર અને યોગ્ય રીતે માહિતી/ દસ્તાવેજો પુરા પાડવામાં આવેલ છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ.ડી.નં. ૧૯૦૨, તા.૧૩/૧૨/૧૬ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય અને સંપુર્ણ રીતે મુદ્દાસર યોગ્ય રીતે નિર્ધારીત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. આમ, અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ કારણ ઉત્પન્ન થતું ન હોય, જેથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

૨૦૧૬–૧૭

**હુકમ નં.૨**

અરજદાર શ્રી ની આઈ.ડી.નં.૧૪૮ તા.૧૮/૪/૧૬ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–

અપીલ અરજી નં. SMC/BRIDGE CELL/FAP/IN.No.01/2016-17.

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૦૧/૦૬/૨૦૧૬ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૦૨/૦૬/૧૬ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની તા.૧૮/૦૪/૨૦૧૬, આઈ.ડી.નં.૧૪૮ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૨૫/૦૪/૧૬ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

જીલાની તાપી બ્રીજના ઈજારદારને પાંચ કરોડ વધુ ચુકવવા માટે સ્થાયી સમિતિની મંજુરી વગર કેમ ચુકવ્યા ? પી.એમ.સી. કમિટિને સંલગ્ન તથા સંદેશ પેપર કટીંગ કરી માહીતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એ.જે.સોલંકી ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./ ૦૮, તા.૧૨/૦૫/૧૬ અત્રેના ખાતાના ઉપલબ્ધ દફતરી રેકર્ડ મુજબ અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દાઓ પ્રશ્નવાચર હોય તથા પેપર કટીંગમાં માહિતીનો સ્પષ્ટ ચિતાર થતો નથી. એમ પુર્તતા કરવામાં આવેલ હતી.

**૪. અપીલના મુદ્દાઓ :–**

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં આપેલ પુર્તતા / જવાબ થી સંતોષ થતો ન હોવાનું જણાવી, નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પોતાના પક્ષ તા.૧૦/૦૬/૧૬ ના રોજ રજુ કરતાં જણાવેલ કે, અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દાઓ પ્રશ્નવાચર હોય તથા પેપર કટીંગમાં માહિતીનો સ્પષ્ટ ચિતાર થતો નથી.તથા માહિતી નિયત સમયમર્યાદામાં આપવામાં આવેલ છે. એમ પુર્તતા કરવામાં આવેલ હતી.

**૬. રીમાકર્સ :–**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારને પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૧૩/૦૬/૧૬ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમા અરજદાર અને જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી એ.જે.સોલંકી હાજર રહેલ અને આપેલ માહિતી બાબતે ચર્ચા કરેલ કે ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ સંપુર્ણ અને યોગ્ય માહિતી પુરી પાડવામાં આવેલ છે એમ જા.મા.અધિકારીએ પોતાનો પક્ષ / રજુઆત કરેલ હતી માંગવામાં આવેલ માહિતી વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરેલ અહેવાલની નકલ રજુ કરી પ્રશ્ન પુછવામાં આવેલ. જે માહિતી આપી શકાય તેમ ન હોય, ચોકકસ પ્રકારના રેકર્ડ આધારીત માહિતી માંગવા જા.મા.અધિકારી ધ્વારા અરજદારને જણાવવામાં આવેલ.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર તા.૧૮/૦૪/૨૦૧૬, આઈ.ડી.નં.૧૪૮ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય અને સંપુર્ણ રીતે પુરી પાડવામાં આવેલ છે. અરજદારને વધુ કોઈ માહિતી / દસ્તાવેજો આપવાનાં રહેતા નથી. અપીલ અરજી સંદર્ભે રૂબરૂ રજુઆતમાં અરજદાર તરફથી સંતોષકારક ખુલાસો મળેલ હોવાનું જણાવેલ હોઈ અને તેથી હવે કોઈ માહિતી માંગવાની રહેતી ન હોવાનું જણાવેલ હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

**૨૦૧૬–૧૭**

**હુકમ નં.૩**

અરજદાર શ્રીની આઈ.ડી.નં.૨૯૮ તા.૦૬/૦૬/૧૬ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–

અપીલ અરજી નં. SMC/BRIDGE CELL/FAP/IN.No.02/2016-17.

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૦૬/૦૬/૨૦૧૬ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૦૭/૦૬/૧૬ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની તા.૦૬/૦૫/૨૦૧૬, આઈ.ડી.નં.૨૯૮ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૧૦/૦૫/૧૬ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દા નં.૧ થી ૭ પૈકી અત્રેના ખાતાને સંલગ્ન મુદ્દા નં.૭ ની માહિતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી ડી.ડી. ક્રિશ્ચયન ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.વ.નં./૧૧, તા.૧૭/૦૫/૧૬ અત્રેના ખાતાના ઉપલબ્ધ દફતરી રેકર્ડ મુજબ અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીમાં પ્રગતિ હેઠળનાં પ્રોજેકટોની માહિતી પત્રક સ્વરૂપે પુરી પાડવામાં આવેલ હતી.

**૪. અપીલના મુદ્દાઓ :–**

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં આપેલ પુર્તતા / જવાબ અધુરી તથા અપુરતી હોવાનું જણાવી, નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પોતાના પક્ષ તા.૧૦/૦૬/૧૬ ના રોજ રજુ કરતાં જણાવેલ કે, અરજદાર ધ્વારા હાલ અત્રેનાં ખાતાનાં પ્રગતિ હેઠળનાં કામોની સંપુર્ણ માહિતી પત્રક સ્વરૂપે નિયત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે.

**૬. રીમાકર્સ :–**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારને પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૧૩/૦૬/૧૬ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમા અરજદાર અને જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી ડી.ડી. ક્રિશ્ચયન હાજર રહેલ. અરજદાર ધ્વારા આપેલ માહિતીમાં અંદાજીત રકમ તથા કામ પુર્ણ થવાની તારીખ બાબતે માંગણી કરેલ હતી. જે બાબતે જા.મા.અધિકારીએ પોતાનો પક્ષ / રજુઆત કરતાં જણાવેલ કે સદર માહિતી અંગે સંલગ્ન કામોનાં વર્કઓર્ડર આપી શકાય તેમ છે.

—: **હુકમ** :—

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર તા.૧૦/૦૫/૨૦૧૬, આઈ.ડી.નં.૨૯૮ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય પુરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારની રૂબરૂ મુલાકાત / રજુઆતને ધ્યાને લઈ, તેઓ ધ્વારા માંગવામાં આવેલ માહિતી માટે હાલનાં પ્રગતિ હેઠળના કામોના વર્કઓર્ડરની નકલ દિન—૭ માં વિના મુલ્યે,અરજદારની અપીલ દરમ્યાનની રજુઆત સંદર્ભે, તેઓની અપીલમાં દર્શાવેલ સરનામે અરજદારને માહિતી પુરી પાડવી. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા.............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

**૨૦૧૬–૧૭**

**હુકમ નં.૪**

અરજદાર શ્રીની આઈ.ડી.નં.૧૪૮ તા.૧૮/૪/૧૬ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–

અપીલ અરજી નં. SMC/BRIDGE CELL/FAP/IN.No.01/2016-17.

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૦૧/૦૬/૨૦૧૬ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૦૨/૦૬/૧૬ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની તા.૧૮/૦૪/૨૦૧૬, આઈ.ડી.નં.૧૪૮ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૨૫/૦૪/૧૬ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

જીલાની તાપી બ્રીજના ઈજારદારને પાંચ કરોડ વધુ ચુકવવા માટે સ્થાયી સમિતિની મંજુરી વગર કેમ ચુકવ્યા ? પી.એમ.સી. કમિટિને સંલગ્ન તથા સંદેશ પેપર કટીંગ કરી માહીતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એ.જે.સોલંકી ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.વ.નં./૦૮, તા.૧૨/૦૫/૧૬ અત્રેના ખાતાના ઉપલબ્ધ દફતરી રેકર્ડ મુજબ અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દાઓ પ્રશ્નવાચર હોય તથા પેપર કટીંગમાં માહિતીનો સ્પષ્ટ ચિતાર થતો નથી. એમ પુર્તતા કરવામાં આવેલ હતી.

**૪. અપીલના મુદ્દાઓ :–**

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં આપેલ પુર્તતા / જવાબ થી સંતોષ થતો ન હોવાનું જણાવી, નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પોતાના પક્ષ તા.૧૦/૦૬/૧૬ ના રોજ રજુ કરતાં જણાવેલ કે, અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દાઓ પ્રશ્નવાચર હોય તથા પેપર કટીંગમાં માહિતીનો સ્પષ્ટ ચિતાર થતો નથી.તથા માહિતી નિયત સમયમર્યાદામાં આપવામાં આવેલ છે. એમ પુર્તતા કરવામાં આવેલ હતી.

**૬. રીમાકર્સ :–**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારને પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૧૩/૦૬/૧૬ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમા અરજદાર અને જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી એ.જે.સોલંકી હાજર રહેલ અને આપેલ માહિતી બાબતે ચર્ચા કરેલ કે ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ સંપુર્ણ અને યોગ્ય માહિતી પુરી પાડવામાં આવેલ છે એમ જા.મા.અધિકારીએ પોતાનો પક્ષ / રજુઆત કરેલ હતી માંગવામાં આવેલ માહિતી વર્તમાનપત્રમાં પ્રસિઘ્ઘ કરેલ અહેવાલની નકલ રજુ કરી પ્રશ્ન પુછવામાં આવેલ. જે માહિતી આપી શકાય તેમ ન હોય, ચોકકસ પ્રકારના રેકર્ડ આધારીત માહિતી માંગવા જા.મા.અધિકારી ધ્વારા અરજદારને જણાવવામાં આવેલ.

–: **હુકમ** :–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર તા.૧૮/૦૪/૨૦૧૬, આઈ.ડી.નં.૧૪૮ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય અને સંપુર્ણ રીતે પુરી પાડવામાં આવેલ છે. અરજદારને વધુ કોઈ માહિતી / દસ્તાવેજો આપવાનાં રહેતા નથી. અપીલ અરજી સંદર્ભે રૂબરૂ રજુઆતમાં અરજદાર તરફથી સંતોષકારક ખુલાસો મળેલ હોવાનું જણાવેલ હોઈ અને તેથી હવે કોઈ માહિતી માંગવાની રહેતી ન હોવાનું જણાવેલ હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા.............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

**૨૦૧૬–૧૭**

**હુકમ નં.૫**

અરજદાર શ્રીની આઈ.ડી.નં.૪૪૭, તા.૧૮/૦૭/૨૦૧૬ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–

અપીલ અરજી નં. કોહળખચયમનભ હભીીળાબ.ળયદઈળદઃઈડપળ×ડક્ષણઢક્ષ્ઞઈ

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૦૬/૦૮/૨૦૧૬ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૦૯/૦૮/૧૬ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની તા.૧૮/૦૭/૨૦૧૬, આઈ.ડી.નં.૪૪૭ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૨૧/૦૭/૧૬ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દા નં.૧ થી ૫ પૈકી અત્રેના ખાતાને સંલગ્ન મુદ્દા નં.૪ ની માહિતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી એમ.જી.ચોટલીયા ધ્વારા અરજદારની અરજીનાં મુદ્દા નં. ૧ થી ૫ પૈકી મુદ્દા નં. ૦૪ ની આંશિક માહિતી માટે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી, બી.આર.ટી.એસ. વિભાગને અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં./૪૬, તા.૨૬/૦૭/૧૬થી તબદીલ કરવામાં આવેલ જયારે ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી / પુર્તતા અત્રેનાં ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં./૪૭, તા.૨૮/૦૭/૧૬ થી અરજદારનેનિયત સમયમર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ.

**૪. અપીલના મુદ્દાઓ :–**

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં આપેલ પુર્તતા / જવાબ "વિગતવાર માહિતી આપવી" હોવાનું જણાવી, નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પોતાના પક્ષ તા.૧૯/૦૮/૧૬ ના રોજ રજુ કરતાં જણાવેલ કે, અરજદાર ધ્વારા પ્રથમ આર.ટી.આઈ.હેઠળની અરજીમાં માંગવામાં આવેલ માહિતી કે જેમાં," સુરત મહાનગરપાલિકા પાસે હાલમાં કેટલા ફ્લાય ઓવર છે. કેટલાનું કામ પુર્ણતાને આરે છે. કેટલા બાકી તેની વિગતવાર માહિતી આપવા માટે." માંગવામાં આવેલ. જે અન્વયે અત્રેના ખાતાનાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ, " સુરત મહાનગરપાલિકા પાસે હાલમાં બ્રીજસેલ હસ્તકનાં કુલ ૧૭ ફલાય ઓવર બ્રીજ છે. તેમજ બ્રીજસેલ ખાતા ધ્વારા ૦૨ ફલાય ઓવર બ્રીજ બાંધવાની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. " ની પુર્તતા નિયત સમયમર્યાદામાં કરવામાં આવેલ. પરંતુ અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં " સુ.મ.પા. પાસે કુલ કેટલા બ્રીજ છે આજ સુધી સુરતમાં બ્રીજના નામો લેખિતમાં આપજો. તમામ બ્રીજને આવરીને અલગ અલગ કોન્ટ્રાકટ પાસે છે તેવી રીતે નહી તમામ બ્રીજસેલના નામ લેખિતમાં આપજો." ની માહિતી માંગેલ છે. જે તેઓની પ્રથમ આર.ટી.આઈ. હેઠળની અરજી થી અલગ–અલગ હોય, આમ,

અરજદારની પ્રથમ અપીલ અરજીમાં માંગવામાં આવેલ માહિતી અને તેઓની આર.ટી.આઈ.ની અરજીમાં માંગવામાં આવેલ માહિતી અલગ અલગ પ્રકારની છે જેથી અત્રેનાં વિભાગ ધ્વારા આપવામાં આવેલ માહિતીની પુર્તતા યોગ્ય છે.

**૬. રીમાર્કસ :–**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારને પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૩૦/૦૮/૨૦૧૬ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમા અરજદાર ગેરહાજર રહેલ જયારે જા.મા.અધિકારી અને ડે.ઈજનેર શ્રી એમ.જી.ચોટલીયા હાજર રહેલ અને પોતાના પક્ષ અન્વયે જણાવેલ કે, અરજદારને ખાતાનાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ માંગેલ માહિતી સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ તથા પ્રથમ અપીલ અરજીમાં માંગેલ માહિતી અરજીમાં માંગેલ માહિતી કરતાં અલગ પ્રકારની વધારાની હોય, જે મુળ અરજી અન્વયે આપવાની બાકી રહેલ નથી. આમ, જા.મા.અધિકારીએ પોતાનો પક્ષ / રજુઆત કરેલ હતી.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ઘ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર તા.૧૮/૦૭/૨૦૧૬, આઈ.ડી.નં.૪૪૭ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય પુરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારની પ્રથમ અપીલ અરજીમાં માંગવામાં આવેલ માહિતી અને તેઓની આર.ટી.આઈ.એકટ હેઠળ કરેલ મુળ અરજીમાં માંગવામાં આવેલ માહિતી અલગ – અલગ પ્રકારની હોય, અરજદારની મુળ અરજી સંદર્ભે આપવામાં આવેલ માહિતી / રેકર્ડ ઘ્યાને લેતાં, આ અપીલ અરજી અન્વયે વિશેષ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

**૨૦૧૬–૧૭**

**હુકમ નં.૬**

અરજદારની આઈ.ડી.નં.૬૧૨ તા.૧૦/૦૨/૧૬ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–

અપીલ અરજી નં. SMC/BRIDGE CELL/FAP/IN.No.03/2016-17.

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૦૭/૦૬/૨૦૧૬ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૧૮/૦૬/૧૬ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની તા.૧૦/૦૨/૨૦૧૬, આઈ.ડી.નં.૬૧૨ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૧૭/૦૨/૧૬ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

ગુજરાત રાજયમાં તમામ સરકારી કર્મચારીઓની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી.........

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એ.જે.સોલંકી ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં./૭૦, તા.૨૯/૦૨/૧૬ થી ખાતાના ઉપલબ્ધ દફતરી રેકર્ડ મુજબ અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ.

**૪. અપીલના મુદ્દાઓ :–**

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં આપેલ પુર્તતામાં બેદરકારી / ઈરાદાપુર્વક માહિતી અવરોધ પેદા કરેલ હોવાનું જણાવી, નારાજ થઈ તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પોતાના પક્ષ તા.૨૭/૦૬/૧૬ ના રોજ રજુ કરતાં જણાવેલ કે, અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ નિર્ધારીત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. એમ પુર્તતા કરવામાં આવેલ હતી.

**૬. રીમાકર્સ :–**

આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ મુજબ આર.ટી.આઈ.અકેટની અરજીની પુર્તતાનાં ૩૦ દિવસમાં પ્રથમ અપીલ અરજી કરવાની હોય છે. પ્રસ્તૃત કિસ્સામાં અરજદાર અપીલનું વિલંબીતપણુ રજુ કરેલ નથી. આથી વિલંબીત અપીલ અરજી ગ્રાહય રાખવાની થતી નથી. તેમ છતાં આર.ટી.આઈ. આમુખમાં જણાવેલ પારદર્શિતા અને કાયદાના હાર્દને ધ્યાનમાં રાખી આ અપીલ ગ્રાહય રાખી ગુણદોષના આધારે નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર તા.૧૦/૦૨/૨૦૧૬, આઈ.ડી.નં.૬૧૨ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય અને સંપુર્ણ રીતે નિર્ધારીત સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ છે. આમ, અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ કારણ ઉત્પન્ન થતું ન હોય, સદર અપીલ અરજી નિયત સમયમર્યાદા બાદ કરવામાં આવેલ હોય, અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા..............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in